| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૮/૦૪/૨૦૧૬ | | |
| નોંધ્યા તારીખ | ૧૮/૦૪/૨૦૧૬ | | |
| ફેસલ તારીખ | ૨૧ /૦૪/૨૦૧૭ | | |
| સમય | દિવસ | માસ | વર્ષ |
| | ૦૩ | ૦૦ | ૦૧ |

---

ડીસાના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ

**શ્રી એમ.આઈ.એન. શેખ સાહેબની કોર્ટમાં,**

મુકામ – ડીસા.

---

ક્રિમી.કેસ નં. ૮૫૩/૨૦૧૬.

આંક.

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિરૂઘ્ઘ**

**આરોપી** :– ૧. મુકતાબેન ડો/ઓ મુફાજલ આલેક (મુલ્લા) મુસ્લીમ
ઉ.વ. ૨૨, ધંધો – મજુરી,
રહે. હાલ નરોડા પાટીયા, અમદાવાદ
મુળ રહે. બોરોનાલ, પો.સ્ટે. કલીયા, જિ. નાડોલ,
જિ. જેસોર (બાંગ્લાદેશ)

૨. ઈશારત સ/ઓ અબ્દુલલતીફ શેખ મુસ્લીમ
ઉ.વ. ૪૮, ધંધો – મજુરી,
રહે. હાલ ચંડોળા તળાવ, અમદાવાદ
મુળ રહે. બોરોનાલ, પો.સ્ટે. કલીયા, જિ. નોડાલ,
જી. જેસોર (બાંગ્લાદેશ)

૩. બિશ્વનાથ ઉર્ફે બીસુ સન/ઓ બન્ના માલી પરીડા
રહે. મકાન નં. ૨૨૦, ગોપાલનગર વસંતનગર ગોતા,
અમદાવાદ શહેર.
મુળ રહે. ગામ નાબરા, પો.સ્ટે. સીંગલા, તા. બસ્તા,

જિ. બાલેસોર, રાજય ઉડીસા.
**(એકસપોન્ડીંગ આરોપી)**

ગુનો : ધી ફોરેનર્સ એકટ ૧૪(એ),૧૪(સી), તથા
ઈ.પી.કોડની કલમ ૧૧૪ મુજબ.

---

સરકાર તરફે એ.પી.પી. શ્રી
બચાવ પક્ષે વિ. વકીલ શ્રી આર.પી. મકવાણા

---

**''ઠ રા વ''**

---

(૧) સદર કામના ફરીયાદી યુ.બી.ધાખડા, પી.એસ.આઈ. ડીસા સીટી દક્ષિણ પો.સ્ટે. નાઓએ ડીસી સીટી દક્ષિણ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં. ૩૦૧૮/૨૦૧૬, ધી ફોરેનર્સ એકટ ૧૪(એ),૧૪(સી) તથા ઈ.પી.કોડની કલમ ૧૧૪ મુજબના આક્ષેપીત ગુનાની ફરીયાદ આરોપીઓ તથા અન્ય સહ આરોપી વિરૂધ્ધ નોંધાવેલ. સદરહું ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ અને અન્ય સહ આરોપીએ એકબીજાના મેળાપીપણામાં આરોપી નં. ૧ મુકતાબેન ડો/ઓ મુફાજલ આલેક (મુલ્લા) જે મુળ બાંગ્લાદેશની રહેવાસી હોય અને ગેરકાયદેસર રીતે વગર પાસપોર્ટ વગર વિઝાએ ભારત અને બાંગ્લાદેશની પ્રતિબંધીત બોર્ડર ક્રોસ કરી ભારતમાં પ્રવેશ કરી અને તા. ૨૪/૦૧/૨૦૧૬ ના કલાક ૧૪-૩૦ થી કલાક ૧૮-૦૦ સુધીના સમય ગાળા દરમ્યાન ડીસા વૃંદાવન હોટલમાંથી પકડાય ગયેલ, જે ગુનામાં તહોમતદાર નં. ૨ ઈસારત સ/ઓ અબ્દુલલતીફ શેખ નાએ આરોપી નં. ૧ મુકતાબેને ભારતમાં બોલાવવામાં અન્ય સહ આરોપી રાજુ કુરકાન ફકીર તથા અન્ય ચાર ઈસમોની મદદ મેળવી અને ઘુસણખોરી કરાવેલ,

અને અન્ય સહ આરોપી બીશ્વનાથ ઉર્ફે બીસુ નાઓએ આરોપી મુકતાબેન બાંગ્લાદેશી નાગરીક હોઈ અને ગેરકાયેસર રીતે ભારતમાં પ્રવેશ કરેલ હોવાનું જાણતા હોવા છતાં તેની સાથે સંપર્ક કરી પોતાના આર્થિક ફાયદા સારૂ દેહવ્યાપાર કરાવવામાં મદદગારી કરી તેમજ અન્ય સહ આરોપીઓએ તહોમતદાર મુકતાબેન બાંગ્લાદેશની નાગરીક હોઈ અને ગેરકારયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરેલ હોવાનું જાણતા હોવા છતાં તેઓની પાસે છુપી રીતે રાખી તેની સાથે સંપર્કમાં રહી પોતાના આર્થિક ફાયદા સારૂ ગુનામાં મદદગારી કરેલ, તેમજ નાસતા ફરતા આરોપી રાજુ કુરકાન ફકીરે તહોમતદાર મુકતાબેનને અન્ય ચાર ઈસમોની મદદ મેળવી ભારત બાંગ્લાદેશની બોર્ડર ગેરકાયદેસર રીતે ક્રોસ કરાવી ગુજરાતમાં અમદાવાદ સુધી મુકી પરત બાંગ્લાદેશ જતા રહેલ છે. આમ તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણાથી આક્ષેપિત ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. સદરહુ ફરીયાદના અનુસંધાને ત.ક. અમલદારશ્રી એ તપાસ હાથ ધરતા તહોમતદાર નં. ૧, ૨ તેમજ અન્ય સહ તહોમતદાર નં. ૩ બિશ્વનાથ ઉર્ફે બીસુ સ/ઓ બન્ના માલી વિરૂઘ્ધ પુરતો પુરાવો મળી આવતો હોય જેથી આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપિત ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓને સમન્સ ઈસ્યુ કરતાં આરોપી નં. ૧, ૨ તેમના વિઘ્વાન ધારાશાસ્ત્રીશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થયેલ, જયારે આરોપી નં. ૩ જામીન ઉપર મુકત થયા બાદ હાજર થતા ન હોય અને તેઓને અવાર નવાર સમન્સ કરવા છતાં તેમજ તેમના જામીનદારને પણ વારંવાર નોટીસ કરવા છતાં સમન્સ કે નોટીસ બજે કે બીન બજે પરત આવેલ નથી. તેમજ આરોપી નં. ૧, ૨ જયુડીશીયલ કસ્ટડીમાં હોય અને આરોપી નં. ૩ હાજર ન રહેતા હોવાના કારણસર આરોપી નં. ૧,૨ સામેનો કેસ આગળ ચાલી શકતો ન હોય આરોપી નં. ૧ અને ૨

નાઓએ આંક. ૬ થી અરજી આપી આરોપી નં. ૩ હાજર રહેતા ન હોવાના કારણસર અને તેઓ જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય તેમની સામેનો કેસ અલગ કરી આગળ ચલાવવા વિનંતી કરતાં, આંક. ૬ ની અરજી નીચે હુકમ કરી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૭(૨) મુજબ આરોપી નં. ૩ સામેની ઈન્સાફી કાર્યવાહી હાલના આરોપી નં. ૧,૨ સાથે થી જુદી કરી આરોપી નં. ૧, ૨ સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. ત્યાર બાદ આરોપી નં. ૧, ૨ નાઓને પોલીસ પેપર્સની નકલ આપ્યા બાદ આક્ષેપિત ગુના અંગે સમજ કરી આરોપી નં. ૧, ૨ સામે આંક. ૭ થી તહોમતનામુ ફરમાવી તેઓને વાંચી સંભળાવી સમજાવી આરોપી નં. ૧, ૨ ની પ્લી રેકર્ડ કરતાં, જેમાં આરોપી નં. ૧, ૨ નાઓએ આક્ષેપિત ગુનાના તહોમતનામાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતાં, આરોપી નં. ૧, ૨ નાઓની સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(અ) **<u>મૌખિક પુરાવા</u>**

| ક્રમ | આંક. | સાહેદનુ નામ |
|---|---|---|
| ૧. | ૧૦ | ફરિયાદી ઉમેશભાઈ ભાભલુભાઈ ધાખડાની જુબાની |
| ૨. | ૧૨ | પંચ સાહેદ રમીલાબેન ચીમનલાલ ઠાકોરની જુબાની |
| ૩. | ૧૪ | પંચ અબ્દુલજબાર ઈબ્રાહીમભાઈ કુરેશીની જુબાની |
| ૪. | ૧૫ | પંચ દલપતજી કરશનજીની જુબાની |
| ૫. | ૧૭ | પંચ કલ્પીતકુમાર ભરતભાઈ માલ્વીની જુબાની |
| ૬. | ૧૮ | પોલીસ સાહેદ નરપતસિંહ શીવાજી સોલંકીની જુબાની |
| ૭. | ૧૯ | પોલીસ સાહેદ રઘુવીરસિંહ રણજીતસિંહની જુબાની |

| | | |
|---|---|---|
| ૮. | ૨૦ | પોલીસ સાહેદ રાજેશકુમાર હરીભાઈની જુબાની |
| ૯. | ૨૧ | સાહેદ હરેશભાઈ રાયચંદભાઈ ચૌહાણની જુબાની |
| ૧૦ | ૨૨ | ત.ક.અ. વીરમાભાઈ જગશીભાઈ પુનડીયાની જુબાની |
| ૧૧ | ૨૩ | પોલીસ સાહેદ નીરૂબેન દિનેશકુમાર પાંડવની જુબાની |
| ૧૨ | ૨૪ | પોલીસ સાહેદ બાબુદાન મહોબતદાનની જુબાની |
| ૧૩ | ૨૫ | પોલીસ સાહેદ રૂપેશ ચંદ્રકાન્ત દવેની જુબાની |
| ૧૪ | ૨૬ | ત.ક.અમલદાર મહીપતસિંહ દીપસીંહ ચંપાવતની જુબાની |

(બ) **<u>દસ્તાવેજી પુરાવા</u>**

| ક્રમ | આંક. | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૧૧ | એફ.આઈ.આર.ની નકલ |
| ૨. | ૧૩ | આરોપી બેનની શરીરસ્થિતિનુ પંચનામાની નકલ |
| ૩. | ૧૬ | આરોપી બિશ્વનાથ ઉર્ફે બીશુની શરીરસ્થિતિનુ પંચનામું |
| ૪. | ૧૮ | રેઈડ વાળી જગ્યાના પંચનામાની નકલ |
| ૫. | ૨૫/એ | જોઈન્ટ ઈંટ્રોગેશન રીપોર્ટ |

(૪) ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતાં આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવતાં આરોપીઓએ ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને તેમની ઉપર ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે. આરોપી તરફે કોઈ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલ નથી.

(૫) સરકાર તરફે એ.પી.પી.શ્રી બારોટે દલીલમાં જણાવેલ છે કે આ કામમાં ફરિયાદ પક્ષે ૧૪ સાહેદોને તપાસવામાં આવેલા છે. સાહેદ નં. ૧ ફરિયાદી છે અને સાહેદ નં. ૧૩ કે જેઓની રૂબરૂ આંક. ૨૫–એ થી જોઈન્ટ ઈન્ટ્રોગેશન કરવામાં આવેલું,

જેમાં હાલના આરોપી નં. ૧ બાંગ્લાદેશી હોવાનું ખુલેલ અને હાલના આરોપી નં. ૧ ને હાલના આરોપી નં. ૨ બાંગ્લાદેશથી લાવેલાનું તપાસમાં ખુલેલ છે. આમ આરોપી નં. ૧, ૨ આ કેસની ઈન્સાફી કાર્યવાહી  દરમિયાન કે પોલીસ તપાસ દરમિયાન એવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે જેથી એવુ પ્રસ્થાપિત થાય કે હાલના આરોપી નં. ૧, ૨ ભારતીય નાગરીક છે અગર તેઓની પાસે કાયદેસરનો વિઝા છે. વિ. એ.પી.પી. શ્રીએ દલીલમાં જણાવેલ છે કે ઈમોરલ ટ્રાફીકનો ધંધો ચાલતો હોવાની ખાનગી બાતમીને આધીન રેઈડ પાડતાં, જેમાં હાલના આરોપી નં. ૧ વાદગ્રસ્ત રૂમમાંથી મળી આવેલા અને ઈમોરલ ટ્રાફીક એકટના ગુનામાં આરોપી નં. ૧ ભોગ બનનારનું નિવેદન લેતાં તેણીની બાંગ્લાદેશી હોવાનું જણાવેલું. જેથી આંક. ૨૫–એ ના જોઈન્ટ ઈન્ટ્રોગેશનમાં પણ આરોપી નં. ૧ બાંગ્લાદેશી હોવાનું ખુલતાં આંક. ૧૧ થી રજુ એફ.આઈ.આર. સાહેદ નં. ૧ ધ્વારા આપવામાં આવેલ છે. સમગ્ર સાહેદોનો પુરાવો વિ.એ.પી.પી. શ્રીએ રીફર કરી જણાવેલ છે કે આ કેસમાં સાબીતીનો બોજો કલમ–૯ મુજબ આરોપી પક્ષ ઉપર છે. આરોપી પક્ષે એવુ સાબીત કરવાનુ રહે છે કે તેઓ ભારતના નાગરીક છે અગર તેઓ ભારતમાં  વસવાટ કરવા માટે તેઓની પાસે વિઝા છે. તપાસ દરમિયાન કે આ કેસમાં પુરાવા દરમિયાન કલમ–૯ મુજબની સાબીતી તહોમતદાર પક્ષે રજુ કરેલ ન હોય, જેથી કેસ ફરિયાદ પક્ષે પુરવાર કરેલ હોય તહોમતદારોને સજા કરવા વિનંતી કરેલ છે.

(૬) જયારે તહોમતદાર તરફે વિ. વકીલશ્રી આર.પી. મકવાણા દલીલમાં જણાવેલ છે કે હાલના આરોપી તદ્દન નિર્દોષ છે, તેઓએ કોઈ આવો ગુનો કરેલ નથી. ઈમોરલ ટ્રાફીક એકટમાં ખોટી કામગીરી બતાવવા માટે હાલની ફરિયાદ કરેલ છે. અને આ કામે જે પંચો છે તે પોલીસ પંચો છે અને પંચો હોસ્ટાઈલ થયેલ હોય જેથી

ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયેલો ગણાય નહી. વધુમાં વકીલશ્રી આર.પી. મકવાણાએ દલીલમાં જણાવેલ છે કે આ કેસમાં જે ૧૪ સાહેદોને તપાસવામાં આવેલ છે તેમાંથી ૪ સાહેદો એ પંચ સાહેદો છે, જેમાં ૧ સાહેદ સ્વતંત્ર સાહેદ છે, જયારે બાકીના ૯ સાહેદો એ પોલીસ સાહેદો છે, જયારે પોલીસ સાહેદ હોય ત્યારે તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને કસૂરવાર ઠેરવી શકાય નહી. વધુમાં વિ.વકીલશ્રી આર.પી. મકવાણાએ દલીલમાં જણાવેલ છે કે આ કેસમાં સોહદ નં. ૧ એ ફરિયાદ આપેલ છે, સાહેદ નં. ૧ કે જેઓ બનાવ સમયે પી.આઈ. ના ચાર્જમાં હતા અને પી.આઈ. ના હોદ્દાની હેસીયતથી ફરિયાદ કરવામાં આવેલ છે. જેથી સ્વાભાવીક પણે જયારે ફરિયાદી પી.આઈ. કક્ષાના હોય તો તેઓની ફરિયાદને અનુરૂપ તપાસ થાય. જેથી પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં એકમાત્ર પોલીસ સાહેદોના પુરાવાથી આરોપીઓને કસૂરવાર ઠેરવી શકાય નહી. જેથી તહોમતદારોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૭) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનાની જોગવાઈને ધ્યાને લેતાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં. ૧,૨ ભારતીય નાગરીક ન હોવા છતાં વિઝા વગર ભારતમાં રહી તહોમતદાર નં. ૧ બાંગ્લાદેશની પ્રતિબંધીત બોર્ડર ક્રોસ કરી ભારતમાં પ્રવેશ કરી તા. ૨૪/૦૧/૨૦૧૬ ના કલાક ૧૪–૩૦ થી કલાક ૧૮–૦૦ સુધીના સમયગાળા દરમિયાન ડીસા વૃંદાવન હોટલમાંથી પકડાઈ જઈ, અને તહોમતદાર નં. ૨ અમદાવાદ મુકામેથી પકડાઈ જઈ તેમ કરી ભારતીય નાગરીક ન હોવા છતાં ભારતમાં ગેરકાયદેસર વસવાટ

કરી ફોરેનર્સ એકટની જોગવાઈઓનો ભંગ કરી તેમ કરી ફોરેનર્સ એકટની કલમ–૧૪ મુજબનો ગુનો કરેલ છે. ?

૨. શું હુકમ ?

(૮) ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા લક્ષમાં લેતાં ઉપરોકત મુદ્દાઓના જવાબ નીચે મુજબ આપું છું.

(૧) હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**<u>મુદ્દા નં. ૧</u>** :–

(૯) સદરહું મુદ્દાની કાનુની લક્ષી તથા હકીકત લક્ષી ચર્ચા કરતાં પહેલાં ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવાનો સારાંશ અત્રે ટાંકવો મને આવશ્યક જણાતુ હોય જે નીચે મુજબ ટાંકેલ છે.

(૧૦) ફરિયાદ પક્ષે સાહેદ નં. ૧ તરીકે ફરિયાદી ઉમેશભાઈ ભાભલુભાઈ ધાખડાને આંક. ૧૦ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. અને જેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે તેઓ ડીસા સીટી પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને બનાવ સમયે પી.આઈ. ના ચાર્જમાં હતા, તે દરમિયાન ડીસા દક્ષિણ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં. ૩૦૦૩/૧૬ થી પી.એસ.આઈ. વાય.એસ. સીસોદીયા એ ઈમોરલ ટ્રાફીક એકટનો ગુનો દાખલ કરેલ, અને જેમાં ભોગ બનનાર મુકતાબેન મુફાજલ શેખ ની પુછપરછ કરતાં પોતે બાંગ્લાદેશી હોવાનું તપાસમાં ખુલતાં અને તે અંગેનું ભોગ બનનારનું જોઈન્ટ ઈન્ટ્રોગેશન ડી.વાય.એસ.પી. મારફતે કરવામાં આવતાં, જે જોઈન્ટ

ઈન્ટ્રોગેશનમાં આરોપી નં. ૧ ભારત બાંગ્લાદેશની પ્રતિબંધીત બોર્ડર ક્રોસ કરી પેસેન્જર વાન મારફતે હાવડા અને ત્યાંથી ટ્રેનમાં અમદાવાદ આવેલાની હકીકત જણાવેલ. આ મુકતાબેન પાસે વિઝા કે પાસપોર્ટ ન હતા તેમ છતાં ભારતની બોર્ડરમાં ચોરી છુપીથી પ્રવેશ કરી ઈમોરલ ટ્રાફીક ના ગુનામાં પકડાઈ જઈ તેની વિરૂધ્ધમાં ધી ફોરેનર્સ એકટની કલમ ૧૪(એ)(સી) મુજબની ફરિયાદ આપેલ હોવાનો પુરાવો આપેલ છે. અને તેમના પુરાવાથી આંક. ૧૧ ની એફ.આઈ.આર. રેકર્ડમાં લેવામાં આવેલ છે.

તહોમતદાર તરફે વિ.વકીલશ્રી આર.પી. મકવાણાની ઉલટ તપાસમાં સાહેદ એવુ જણાવે છે કે વૃદાવન હોટલના માલિક કોણ હતા તેનુ નામ ફરિયાદમાં જણાવેલ નથી અને જોઈન્ટ ઈન્ટ્રોગેશન સિવાય બીજા કોઈ પંચનામામાં ભાગ લીધેલ નથી.બાકીની હકીકતોનો સાહેદ ઇ્વાર કરવામાં આવેલ છે.

(૧૧) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં. ૨ અને ૩ તરીકે આંક. ૧૩ થી રજુ પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે. અને જે આંક. ૧૩ નું પંચનામું ધ્યાને લેતાં આરોપી નં. ૧ ની શરીરસ્થિતિનુ પંચનામું હોવાનું ફલિત થાય છે, અને જે અંગે સોહદ નં. ૨ આંક. ૧૩ ના પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી અને માત્ર પંચ નં. ૧ તરીકે સહી કરેલ હોવાનું જણાવે છે. જયારે સાહેદ નં. ૩ આંક. ૧૩ ના પંચનામાની હકીકતને સમર્થન આપે છે.

(૧૨) ફરિયાદ પક્ષે સાહેદ નં. ૪ તરીકે આંક. ૧૬ થી રજુ પંચનામાના પંચ સોહદને તપાસવામાં આવેલ છે. જે આંક. ૧૬ નું પંચનામું ધ્યાને લેતાં આ કામમાં ચાર્જશીટમાં બતાવેલ આરોપી નં. ૩ (એકસપોડીગ આરોપી) ની શરીરસ્થિતિનુ પંચનામું છે. અને જે સાહેદ નં. ૪ આંક. ૧૬ ના પંચનામામાં માત્ર સહી કરેલ

હોવાનો પુરાવો આપે છે.

(૧૩) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં. ૫ તરીકે આંક. ૧૮ થી રજુ પંચનામાના પંચ સાહેદને તપાસવામાં આવેલ છે, અને જે સાહેદ આંક. ૧૮ ના પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી અને માત્ર સહી કરેલ હોવાનો પુરાવો આપે છે. હું આંક. ૧૮ થી રજુ થયેલ પંચનામું વંચાણે લઈ ગયેલ છું, જે પંચનામુ ધ્યાને લેતાં તા. ૨૪/૦૧/૨૦૧૬ ના રોજનું પંચનામું છે. એટલે કે ઈમોરલ ટ્રાફીક એકટની ફરિયાદના કામે જે રેઈડ પાડવામાં આવેલ છે તે રેઈડનું પંચનામું છે.

(૧૪) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં. ૬ તરીકે નરપતસિંહ શિવાજી સોલંકીને આંક. ૧૮ થી તપાસવામાં આવેલ છે, જયારે સાહેદ નં. ૭ તરીકે રઘુવીરસિંહ રણજીતસિંહ ને આંક. ૧૯ અને સાહેદ નં. ૮ તરીકે રાજેશકુમાર હરીભાઈને આંક. ૨૦ થી તપાસવામાં આવેલ છે. આ તમામ સાહેદો એ પોલીસ સાહેદ છે અને તેઓનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ છે. અને તેઓના કોર્ટ રૂબરૂના પુરાવામાં એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, તા. ૨૪/૧૧/૨૦૧૬ ના રોજ એલ.સી.બી. શાખા પાલનપુરના પી.એસ.આઈ. સીસોદીયા તથા આ સાહેદો ડીસા શહેરમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન ખાનગી રાહે માહિતી મળેલ કે હોટલ વૃંદાવનના સંચાલક તથા દલાલો બહારથી છોકરીઓ લાવી દેહ વિક્રય નો ધંધો કરાવી કુંટણખાનું ચલાવે છે. તે હકીકતની જાણ પી.એસ.આઈ. શ્રીએ ડી.વાય.એસ.પી. ડીસા ને કરતાં પંચોને સાથે રાખી બાતમી વાળી જગ્યાએ રેઈડ પાડતાં ત્યાં દેહ વિક્રયની પ્રવૃતિ પકડી પાડેલ, અને જે અંગે ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં. ૩૦૦૩/૨૦૧૬ થી ગુનો દાખલ કરેલો, અને જેમાં ભોગ બનનાર મુકતાબેન બાંગ્લાદેશી નાગરીક હોય ભારતમાં કાયદેસરની

કાર્યવાહીથી આવેલ છે કે કેમ ? તે અંગે તા. ૭/૧૨/૨૦૧૬ ના રોજ તેણીનુ જોઈન્ટ ઈન્ટ્રોગેશન ગુપ્તચર એજન્સી તથા સ્થાનિક પોલીસ ધ્વારા કરવામાં આવેલ, અને જેમાં આ આરોપી નં. ૧ મુકતાબેન બોર્ડર ક્રોસ કરી ભારતમાં આવેલાનું ખુલતાં અને તેણીને તેના બનેવી ઈસાન (આરોપી નં. ૨) લઈને આવેલા અને જેઓ બંન્ને આરોપીઓ વિઝા કે પાસપરમીટ વગર ભારતમાં રહેતા હોય જેથી પી.એસ.આઈ. ધાખડાએ ફરિયાદ આપેલી.

આ સાહેદોની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેઓની ઉલટ તપાસ ધ્યાને લેતાં તહોમતદારો તરફે આ સાહેદોની ઉલટ તપાસ દરમિયાન એવી હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી કે હાલના આરોપીઓ ભારતના નાગરીક છે કે ભારતમાં રહેવા માટે સમર્થ કચેરી ધ્વારા તેઓને પરવાનો પ્રાપ્ત થયેલો છે.

(૧૫) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં. ૯ તરીકે હરેશભાઈ રાયચંદભાઈ ચૌહાણ ને આંક. ૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતાં આ સાહેદ તા. ૨૪/૦૧/૨૦૧૬ ના રોજ તેઓના સબંધીને મળવા માટે ડીસા ગયેલા અને ડીસા સીટી પોલીસ અને ડી.વાય.એસ.પી. એ તેને બોલાવેલ. આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં દેહ વિક્રય નો ધંધો ચાલતો હોવાની બાતમીને આધીન આ સાહેદને ડમી ગ્રાહક બનાવેલ હોવાનું અને આ સાહેદ ડમી ગ્રાહક બનીને બાતમી વાળી જગ્યાએ ગયેલ હોવાનું તેમના પુરાવા પરથી રેકર્ડ પર આવેલ છે, અને જે રૂમમાં દેહવિક્રયનો ધંધો ચાલતો હતો તેમાં હાલના આરોપી ન. ૧ એ રૂમમાં હોવાનું આ સાહેદે કોર્ટ રૂબરૂ જણાવેલ છે અને સાહેદે કોર્ટ રૂબરૂ આરોપી નં. ૧ ને પણ ઓળખી બતાવેલ છે.

આ સાહેદની તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ એવી કોઈ

હકીકત તહોમતદાર તરફે રેકર્ડ પર લાવી શકેલ નથી કે જેના લીધે આ સાહેદના પુરાવામાં શંકા ઉત્પન્ન થાય.

(૧૬) આ કામે સાહેદ નં. ૧૦ તરીકે વીરમાભાઈ જગશીભાઈ પુનડીયાનો પુરાવો આંક. ૨૨ થી લેવામાં આવેલ છે. જેને હું વંચાણે લઈ ગયેલ છું. આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં આ સાહેદ ડીસા સીટી દક્ષિણ પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજી. નં. ૩૦૦૩/૨૦૧૬ ના કામે તપાસ કરનાર અમલદાર છે, અને આ સાહેદે તે ગુનાના કામે હાલના આરોપી નં. ૧ ની પુછપરછ કરવામાં આવેલ અને તેમાં તેણીએ બાંગ્લાદેશી હોવાનું આ સાહેદ રૂબરૂ જણાવેલ.

તહોમતદાર તરફેની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈમોરલ ટ્રાફીક એકટના ગુનાના કામે તપાસ કરેલ, આ ગુનાના કામે કોઈ તપાસ કરેલ નથી, જોઈન્ટ ઈન્ટ્રોગેશન વખતે આ સાહેદ હાજર ન હતા. બાકીની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૭) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં. ૧૧ તરીકે નિરૂબેન દિનેશકુમાર પાંડવને આંક. ૨૩ થી તપાસવામાં આવેલ છે. અને આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં આ સાહેદ પણ ફરિયાદની હકીકતને સમર્થન આપે છે. અને હાલના આરોપી નં. ૧ નાઓએ જોઈન્ટ ઈન્ટ્રોગેશનમાં તેણીની બાંગ્લાદેશી હોવાનુ જણાવેલ હોવાનો પુરાવો આપેલ છે.

તહોમતદાર તરફેની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપીનું જોઈન્ટ ઈન્ટ્રોગેશન થયુ તે વખતે તેણી હાજર ન હતી. બાકીની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૮) આ કામે સાહેદ નં. ૧૩ તરીકે બાબુદાન મહોબતદાન ને આંક. ૨૪ થી

તપાસવામાં આવેલ છે. અને તેનો પુરાવો ધ્યાને લેતાં બનાવ સમયે તેઓ એસ.ઓ.જી. શાખા પાલનપુરમાં એ.એસ.આઈ. તરીકે નોકરી કરતા હતા, અને આ કેસની આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી ચંપાવતે સંભાળેલ, પી.એસ.આઈ. ચંપાવત તા. ૧૩/૦૨/૨૦૧૬ થી રજા ઉપર ગયેલ હોય આ કામની તપાસ તેઓએ સંભાળેલ હોવાનું અને અન્ય સાહેદોના નિવેદનો નોંધી આગળની તપાસ ચંપાવતને પરત કરવામાં આવેલ.

આ સાહેદની આરોપી તરફેની ઉલટ તપાસમાં આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે ગુનાવાળી જગ્યાએથી સાહેદ કયુમભાઈ અબ્દુલગની કુરેશી બે કી.મી. દુર રહે છે, તેઓએ જે નિવેદન લીધેલ છે તે તમામ કોમ્પ્યુટરમાં તૈયાર કરેલા છે. બાકીની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૯) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં. ૧૩ થી આર.સી. દવે, ડી.વાય.એસ.પી. ડીસા વિભાગ નાઓને આંક. ૨૫ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં આ સાહેદની રૂબરૂ તથા ગુપ્તચર શાખાના અધિકારીઓની હાજરીમાં આરોપી નં. ૧ નું જોઈન્ટ ઈન્ટ્રોગેશન કરવામાં આવેલ છે, અને આ સાહેદના પુરાવાથી આંક. ૨૫–એ નો જોઈન્ટ ઈન્ટ્રોગેશન રીપોર્ટ રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. હું આંક. ૨૫–એ નો જોઈન્ટ ઈન્ટ્રોગેશન રીપોર્ટ વંચાણે લઈ ગયેલ છું, અને આ સાહેદનો પુરાવો પણ ધ્યાને લેતાં આંક. ૨૫–એ ના જોઈન્ટ ઈન્ટ્રોગેશન ને સમર્થનકારક તથા આંક. ૧૧ ની એફ.આઈ.આર. ની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ છે.

આ સાહેદના પુરાવાનો હાર્દ ધ્યાને લેતાં સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે તા. ૨૪/૦૧/૨૦૧૬ ના રોજ તેઓ ડી.વાય.એસ.પી. તરીકે ડીસા ડીવીઝનમાં ફરજ બજાવતા હતા, તે સમયે એલ.સી.બી. પી.એસ.આઈ. શ્રી તેઓની પાસે આવેલા

અને ડીસા પાલનપુર હાઈવે રોડ ઉપર આવેલ વૃંદાવન રેસીડન્સી હોટલમાં ગેરકાયદેસર કુંટણખાનું ચાલતું હોવાનુ જણાવેલ અને જે ખાનગી બાતમી હોય જેથી કાર્યવાહી માટે મદદ માગતાં બે પંચોના માણસો મેળવી એક બોગસ ગ્રાહક તૈયાર કરી બાતમી હકીકત મુજબ આ વૃંદાવન રેસીડેન્સી હોટલમાં પંચનામા મુજબ રેઈડ કરવામાં આવેલ, અને જે રેઈડ દરમિયાન રૂમમાંથી મળી આવેલ સ્ત્રીનું નામ મહીલા કર્મચારી રૂબરૂ પુછતાં તેણીએ પોતાનુ નામ મુકતાબેન (હાલના આરોપી નં. ૧) રહે. બાંગ્લાદેશ વાળી હોવાનું જણાવેલ. આરોપી નં. ૧ ની તપાસ દરમિયાન તેણીની મુળ બાંગ્લાદેશના મુકામ કલીયા, જિ. નોડાલ ની હોવાની હકીકત જણાવતા હોય તેણીની પાસેથી ભારતમાં પ્રવેશ કરવા માટે પાસપરમીટ વિઝા કે પરમીટની માંગણી કરતાં નહિ હોવાનું જણાવેલ. જેથી તેણીનું સેન્ટ્રલ તથા સ્ટેટની વિવિધ ગુપ્તચર સંસ્થાના અધિકારીઓની હાજરીમાં તા. ૦૭/૦૨/૨૦૧૬ ના રોજ જોઈન્ટ ઈન્ટ્રોગેશન કરવામાં આવેલ. અને તે જોઈન્ટ ઈન્ટ્રોગેશન દરમિયાન તેણીની વિગતવાર પુછપરછ કરતાં તેની પાસે ભારતમાં પ્રવેશવા અંગેનો કોઈ આધાર પુરાવો ન હોય તેમજ તેણી બાંગ્લાદેશમાંથી ભારત-બાંગ્લાદેશ બોર્ડર ગેરકાયદેસર ક્રોસ કરી ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ કરેલાનું જણાવેલું, અને જે સાહેદ જોઈન્ટ ઈન્ટ્રોગેશનની હકીકતને સમર્થન આપે છે અને કોર્ટ રૂબરૂ આરોપી નં. ૧ ને ઓળખી બતાવે છે.

આરોપી તરફેની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે જે પંચનામું કર્યુ તેમાં પંચ નં. ૧ રેઈડ વાળી જગ્યાએથી દોઢ કીમી દુર રહે છે. બાકીની હકીકતનો ઈન્કાર કરવામાં આવેલ છે.

(૨૦) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં. ૧૪ તરીકે ત.ક.અમલદાર એમ.ડી. ચંપાવત નો પુરાવો આંક. ૨૬ થી લેવામાં આવેલ છે. જે પુરાવાને હું વંચાણે લઈ ગયેલ છું.

અને જે પુરાવો તપાસને અનુરૂપ હોવાનું ફલિત થાય છે. અને તેમના પુરાવાથી એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે આરોપી નં. ૧ ની પુછપરછ કરતાં આરોપી નં. ૨ તેણીને નરોડા પાટીયા લઈ ગયેલો ત્યાર બાદ બીશુ નામનો ઈસમ (આરોપી નં. ૩) અલગ અલગ જગ્યાએ ખંભાત, વાપી, ડીસા વિવિધ જગ્યાએ ધંધા માટે મોકતો હતો. આ કામના આરોપી નં. ૨ ને અમદાવાદ ચંડોળા તળાવ ખાતેથી અટક કરેલો. વધુમાં સાહેદ એવો પુરાવો આપે છે કે તેઓની તપાસ દરમિયાન તહોમતદાર નં. ૧, ૨ પોતે ભારતીય નાગરીક હોવાનો કોઈ પુરાવો જેવો કે ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ, આધાર કાર્ડ વિગેરે રજુ કરેલ ન હતા.

તહોમતદાર તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે અમદાવાદ ચંડોળા તળાવ પાસે જઈને તપાસ કરેલી, આરોપી નં. ૧ આ ફરિયાદના ૩, ૪ મહીના પહેલા કયાં રહેતા હતા તેની તપાસ કરેલી, આ આરોપી સામે અમદાવાદ મુકામે કોઈ ગુનો નોંધાયેલ તેવુ તેમની તપાસમાં ખુલેલ ન હતું, જેસોર બોર્ડરના ગામડામાં જઈને તપાસ કરેલ ન હતી. વધુમાં આ સાહેદની ઉલટ તપાસ દરમિયાન તહોમતદાર તરફે એવી કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી કે જેનાથી એવુ પ્રસ્થાપિત થાય કે આરોપી નં. ૧, ૨ ના ભારતીય નાગરીક છે અગર ભારતમાં રહેવા માટે તેઓને વિઝા મળેલ હોય.

**<u>પુરાવાનુ મુલ્યાંકન</u> :-**

(૨૧) ઉપરોકત મુદ્દા સબંધિત ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકન શબ્દની અરસકારક કાનુની છણાવટ ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની ત્રીજી આવૃત્તિના પાના નં. ૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.જાની ધ્વારા કરવામાં આવેલ છે. જે અત્રે ટાંકવી આશ્યક જણાતી હોય જે નીચે મુજબ ટાંકેલ છે.

''પુરાવાનું મુલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈ પણ કાનૂન સમપ્રિત નિયમો નથી. કારણકે પુરાવાનું મુલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મુલ્યાંકન વિષે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણકે સાબિત તથા ના સાબિત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકીકતનું અસ્તિત્વ કે અનઅસ્તિત્વ સાબિત માનવુ તે મુલ્યાંકનનો ભાગ છે.''

આમ, પુરાવાના મુલ્યાંકન સબંધિત કાનૂની જોગવાઈ લક્ષમાં લેતા આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબિત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરીયાદપક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબિત કરે નાસાબિત થયેલાની પ્રક્રિયાએ પુરાવાનું મુલ્યાંકનનો ભાગ છે.

(૨૨) ફરિયાદ પક્ષના કેસ મુજબ આ કામના આરોપી નં. ૧,૨ ભારતીય નાગરીક ન હોવા છતાં વિઝા વગર ભારતમાં રહી તહોમતદાર નં. ૧ બાંગ્લાદેશની પ્રતિબંધીત બોર્ડર ક્રોસ કરી ભારતમાં પ્રવેશ કરી તા. ૨૪/૦૧/૨૦૧૬ ના કલાક ૧૪–૩૦ થી કલાક ૧૮–૦૦ સુધીના સમયગાળા દરમિયાન ડીસા વૃંદાવન હોટલમાંથી પકડાઈ જઈ, અને તહોમતદાર નં. ૨ અમદાવાદ મુકામેથી પકડાઈ જઈ તેમ કરી ભારતીય નાગરીક ન હોવા છતાં ભારતમાં ગેરકાયદેસર

વસવાટ કરેલ હોવાનો આક્ષેપ છે. આમ ફરિયાદ પક્ષના કેસ મુજબ હાલના આરોપીઓએ ધી ફોરેનર્સ એકટ ૧૯૪૬ ની કલમ ૩ (૧), (૨) એ. બી ની જોગવાઈઓનો ભંગ કરેલ હોય, જેથી આરોપીઓએ ફોરેનર્સ એકટની કલમ–૧૪– એ, સી મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. ફોરેનર્સ એકટની કલમ ૧૪ – એ ધ્યાને લેતાં તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લેતાં હાલના આરોપીઓને ભારતના કોઈપણ વિસ્તારમાં રહેવા માટે વિઝા આપેલ હોવાનું ફલિત થતું નથી. ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપી નં. ૧, ૨ બાંગ્લાદેશી નાગરીક છે અને વગર વીઝાએ ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ કરી વસવાટ કરેલ છે. જયારે આરોપી નં ૩ નાઓએ આરોપી નં. ૧ ને વસવાટ કરવામાં મદદગારી કરેલ હોવાનો આક્ષેપ છે. આમ, આરોપી નં. ૩ સામે આઈ.પી.સી.ની કલમ ૧૧૪ મુજબ મદદગારી કરવાનો આક્ષેપ છે. જે આરોપી નં. ૩ નો કેસ આંક ૬ ના હુકમ મુજબ અલગ કરેલ છે. આમ, હાથ પરના કેસમાં ફરિયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષનો કેસ કલમ ૧૪ એ –સી ના પરીપેક્ષમાં પડતો હોવાનું ફલિત થાય છે. અને કલમ ૧૪ – સી ધ્યાને લેતાં ધી ફોરેનર્સ એકટની જોગવાઈના અથવા તો તે હેઠળના કોઈપણ હુકમ અથવા આ કાયદાને અનુસરવા આપવામાં આવેલ આદેશનું ઉલ્લંઘન કરે અથવા આવા હુકમનું ઉલ્લંઘન કરે તો કલમ ૧૪ – સી મુજબ કસુરવાર ઠેરવી શકાય. હાથ પરના કેસમાં ધી ફોરેનર્સ એકટની કલમ–૩ આ કેસના ન્યાયિક નિર્ણય માટે મહત્વની હોય જે વંચાણે લેવામાં આવેલ છે. ધી ફોરેનર્સ એકટની કલમ ૨ (એ) માં વિદેશી કોને કહેવાય તેની વ્યાખ્યા આપવામાં આવેલ છે, અને જે મુજબ વિદેશી એટલે ભારતના નાગરીક ન હોય તેવી વ્યકિતને ગણી શકાય. જયારે ભારતના નાગરીક કોને કહેવાય તે અંગે ભારતના બંધારણના અનુચ્છેદ–૫ માં તેની

જોગવાઈ કરવામાં આવેલ છે, અને જે જોગવાઈ ધ્યાને લેતાં તા. ૨૬/૦૧ /૧૯૫૦ માં જેનો જન્મ ભારતમાં થયેલ હોય અથવા તેના માતા કે પિતા માંથી કોઈનો જન્મ ભારતમાં થયો હોય અથવા જે કોઈ વ્યકિત તા. ૨૬/૦૧/૧૯૫૦ ના અગાઉના પાંચ વર્ષથી ઓછા નહી તેટલા સમય માટે ભારતીય પ્રદેશમાં નિવાસી રહયા હોય તે દરેક વ્યકિત ભારતીય નાગરીક ગણી શકાય. તહોમતદારો સામે આક્ષેપિત ગુનો ફરિયાદ પક્ષે પુરવાર કરવાનો રહે છે, અને ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરતાં પહેલાં ધી ફોરેનર્સ એકટની કલમ-૯ ની જોગવાઈ ધ્યાને લેતાં કોઈ વ્યકિત વિદેશી છે કે નહી તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે આવી વ્યકિત વિદેશી નથી તે હકીકત સાબીત કરવાનો બોજો ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ માં ગમે તે મજકુર હોય તે છતાં આવી વ્યકિત ઉપર રહે છે. આમ વિધિવિધાને કલમ-૯ નું ઘડતર કરી પોતે વિદેશી નાગરીક નથી એવુ જે વ્યકિત ભારપુર્વક જણાવતી હોય તો તે હકીકત સાબીત કરવાની જવાબદારી તે વ્યકિત ઉપર લાદેલ છે. ફરિયાદ પક્ષનો સ્પેશીફીક કેસ છે કે આરોપી નં. ૧, ૨ બાંગ્લાદેશી છે, તેઓએ કોઈપણ પ્રકારના વિઝા મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરી વસવાટ કરેલ છે. તો તહોમતદાર કે જેના ઉપર વિદેશી નાગરીક હોવાનુ આરોપનામું ઘડવામાં આવ્યું હોય ત્યારે આરોપીએ કલમ-૯ મુજબ તેઓ વિદેશી નાગરીક નથી તે હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપી નં. ૧,૨ ના શીરે છે. જો આરોપી નં. ૧, ૨ કલમ-૯ મુજબ સાબિતીનો બોજો પુરવાર કરી પોતે ભારતીય બંધારણના અનુચ્છેદ-૫ માં જણાવ્યા મુજબના ભારતીય નાગરીક હોવાનું પુરવાર કરે તો તે સંજોગોમાં આરોપીને આક્ષેપિત ગુનામાં કસુરવાર ઠેરવી શકાય નહી.

(૨૩) તહોમતદાર પક્ષે મુખ્યત્વે એ હકીકત ઉપર ભાર મુકેલ છે કે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી અને મોટા ભાગના પોલીસ સાહેદો છે, જેથી પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. તહોમતદારની દલીલ અંગે વિ. એ.પી.પી. શ્રી જણાવે છે કે એકમાત્ર પોલીસ સાહેદ હોવાથી ફરિયાદ પક્ષનો કેસ નકારી શકાય નહી. જો ફરિયાદ પક્ષના પુરાવા પરથી વિશ્વાસ ઉત્પન્ન થતો હોય અને ફરિયાદ પક્ષના બીજા સાહેદોના પુરાવાથી પણ સમર્થન મળતુ હોય ત્યારે એકમાત્ર પોલીસ સાહેદોના પુરાવા પરથી પણ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થઈ શકે છે. અને તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ પણ ધ્યાને લેતાં ફરિયાદ પક્ષના પુરાવામાં વિસંગતતા કે વિરોધાભાષ રેકર્ડ ઉપર આવેલ નથી. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ગોવીંદ રાજુ વીરુધ્ધ રાજય સરકાર (A.I.R 2012 S.C. 1292 ના કેસમાં પ્રસ્થાપિત થયેલ કાનુની સિધ્ધાંત અત્રે ટાંકવો મને આવશ્યક જણાતો હોય જે મે નીચે મુજબ ટાંકેલ છે.

(15) In can not stated as a rule that a police officer can or can't sole witness in criminal trail. It will always depends upon facts of the case. If testimony of such witness is reliable trustworthy, cogent and duly corroborated by other witnesses or admissible evidence, than the statement of such witness can't be discarded only on the ground that he is a police officer and may have some interest in success of the case. It is only when his interest in the success of the case is motivated by overzealousness to an extent of his involving innocent people; in that event no credibility can be attached to the statement of the such witness.

આમ, ઉપરોકત કાનુની ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત થયેલ કાનુની સિધ્ધાંત સાથે અત્રેની અદાલત સંપુર્ણપણે સહમત થાય છે. અને એકમાત્ર પોલીસ સાહેદ હોવાથી ફરીયાદ પક્ષનો કેસ નકારી શકાય નહી, અને એવો કોઈ નિયમ નથી કે ક્રિમીનલ ટ્રાયલમાં એકમાત્ર પોલીસ સાહેદ ન હોઈ શકે, પરંતુ એ કેસના સંજોગો પર આધારીત રાખે છે. અને ફરીયાદ પક્ષના પુરાવાને અન્ય સાહેદોથી સમર્થન મળતુ હોય અને જે પુરાવામાં વિશ્વાસ ઉત્પન્ન થતો હોય ત્યારે અને ફરીયાદ પક્ષની સરતપાસમાં રેકર્ડ પર આવેલ પુરાવાનું તહોમતદાર તરફે ઉલટ તપાસમાં અસરકારક રીતે ખંડન કરી શકેલ ન હોય તેવા કિસ્સામાં એકમાત્ર પોલીસ સાહેદ હોવાથી ફરીયાદ પક્ષના કેસને નકારી શકાય નહી. પરંતુ જો પોલીસ સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષની તરફેણમાં પરીણામ લાવવા માટે તેવા પુરાવામાં અતિ ઉત્સાહ ઉત્પન્ન થતો હોય તો તે સંજોગોમાં તે સાહેદના પુરાવાનો આધાર લઈ શકાય નહી.

(૨૪) આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે સાહેદ નં. ૬,૭,૮ નાઓ તા. ૨૪/૧/૨૦૧૬ ના રોજ એલ.સી.બી. શાખા પાલનપુરના પી.એસ.આઈ. સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી રાહે મળેલ માહિતી મુજબ હોટલ વૃદાવનમાં દલાલો મારફતે છોકરીઓ લાવી દેહવિક્રય નો ધંધો ચાલતો હોવાનું ધ્યાન પર આવતાં, અને સાહેદ નં. ૧૩ ને તથા પંચોને સાથે રાખી રેઈડ પાડતાં દેહ–વિક્રય ની પ્રવૃતિ ચાલતી હોવાનું ખુલવા પામેલ, અને જે અંગે ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશનમાં સેકન્ડ ગુના રજી. નં. ૩૦૦૩/૧૬ થી ગુનો દાખલ થયેલ, અને જે ગુનાના કામે હાલના આરોપી નં. ૧ ભોગ બનનાર હોય તેઓની પુછપરછ દરમિયાન ભારતીય નાગરીત્વ અંગે શંકા ઉપસ્થિત થતાં સાહેદ નં. ૧૩ તથા બીજા ઈન્ટેલીજન્સ બ્યુરોની હાજરીમાં આરોપી નં. ૧ નુ

જોઈન્ટ ઈન્ટ્રોગેશન તા. ૭/૨/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ, અને જે જોઈન્ટ ઈન્ટ્રોગેશન સાહેદ નં. ૧૩ ની હાજરીમાં કરવામાં આવેલ અને સાહેદ નં. ૧૩ ના પુરાવા દરમિયાન આંક. ૨૫–એ થી જોઈન્ટ ઈન્ટ્રોગેશન સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન રજુ થયેલ છે. અને જે જોઈન્ટ ઈન્ટ્રોગેશનમાં સાહેદ નં. ૧, ૧૩ તથા ૧૪ હાજર હોવાનું ફલિત થાય છે. અને જે જોઈન્ટ ઈન્ટ્રોગેશન ધ્યાને લેતાં હાલના આરોપી નં. ૧ નું હોવાનું ફલિત થાય છે. સદર જોઈન્ટ ઈન્ટ્રોગેશનના અંતે જોઈન્ટ ઈન્ટ્રોગેશનમાં હાજર રહેનાર સ્ટેટ આઈ.બી, સેન્ટ્રલ આઈ.બી, સાહેદ નં. ૧, ૧૩, ૧૪ વિગેરે નાઓએ એવો અભીપ્રાય પેરા–૨૫ થી આપેલ કે સદરે બાંગ્લાદેશી નાગરીક મુકતાબેન ડો/ઓ મુફાજલ આલેક (મુલ્લા) રહે ગામ બોરોનાલ, પો.સ્ટે.. કલીયા, જિ. નાડોલ, જિ. જેસોર, બાંગ્લાદેશ વાળી ધંધા અર્થે પાસપોર્ટ, વિઝા વગર આંતરરાષ્ટ્રીય સરહદ પાઅર કરીને આવેલ છે. આમ સદરહું ઈન્ટ્રોગેશન તા. ૭/૦૨/૨૦૧૬ ના રોજ કલાક ૧૧–૦૦ થી કલાક ૧૭–૦૦ દરમિયાન થયેલ હોવાનું આંક. ૨૫–એ થી ફલિત થાય છે. જયારે હાલનો ગુનો સદરહું જોઈન્ટ ઈન્ટ્રોગેશન પૂર્ણ થયા બાદ તા. ૧૧/૦૨/૨૦૧૬ ના રોજ દાખલ થયેલ હોવાનું ફલિત થાય છે. અને આરોપીની અટકાયત તા. ૨૦/૦૨/૨૦૧૬ ના રોજ કલાક ૧૦–૪૫ ના સુમારે થયેલ હોવાનું આંક. ૧ પરથી ફલિત થાય છે. અત્રે જણાવવુ આવશ્યક છે કે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૫ મુજબ પોલીસ અધિકારી સમક્ષ કરવામાં આવેલ કોઈપણ કબૂલાતને કોઈપણ ગુના માટે આરોપીની વિરૂધ્ધમાં પુરવાર કરી શકાશે નહી, અને કલમ–૨૬ મુજબ આરોપી પોલીસની કસ્ટડીમાં હોય ત્યારે એણે કરેલ કબૂલાત તેની વિરૂધ્ધમાં પુરવાર કરી શકાશે નહી. પરંતુ હાથ પરના કેસમાં જે સમયે જોઈન્ટ ઈન્ટ્રોગેશન

થયેલુ તે વખતે હાલના આરોપી નં.૧ પોલીસ કસ્ટડીમાં ન હતા અને તે સમયે હાલનો ગુનો દાખલ થયેલ ન હતો. આંક. ૨૫–એ નુ જોઈન્ટ ઈન્ટ્રોગેશન આરોપી નં. ૧ ની ભારતીય નાગરીકતા તપાસવા માટે થયેલ હોવાનું ફલિત થાય છે. આમ હાલનો ગુનો દાખલ થયા બાદ હાલના આરોપીને આ ગુનામાં અટક થયા બાદ પોલીસની કસ્ટડી દરમિયાન આવુ કોઈ નિવેદન કે કબૂલાત કે જે આરોપીને ગુના સાથે સાંકળી શકાય તે હકીકત અંગે હોય તો ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૨૫ અને ૨૬ ની જોગવાઈઓનો બાધ નડે છે. જેથી તે હકીકત કે જેને કબૂલાત તરફ દોરી જતી હોય તે આરોપીની વિરૂધ્ધમાં ઉપયોગમાં લઈ શકાય નહી. ઉપર કરેલ ચર્ચા મુજબ હાથ પરના કેસમાં જોઈન્ટ ઈન્ટ્રોગેશન હાલની ફરિયાદ દાખલ થયા પૂર્વેનું છે, અને તે સમયે આરોપી પોલીસ કસ્ટડીમા ન હતા. તે સમયે આરોપી નં. ૧ નું સ્ટેટશ ઈમોરલ ટ્રાફીક એકટના ગુનાના કામે સાહેદ તરીકેનુ હતું. જેથી આંક. ૨૫–એ થી રજુ થયેલ જોઈન્ટ ઈન્ટ્રોગેશન નહિ માનવા કોઈ કારણ નથી. અને જે જોઈન્ટ ઈન્ટ્રોગેશનના અંતે પુછપરછ કરનાર અધિકારીઓએ જે અભિપ્રાય આપેલ કે આરોપી નં. ૧ બાંગ્લાદેશી નાગરીક છે અને કોઈપણ પાસ પરમીટ કે વિઝા વગર આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને ભારતમાં પ્રવેશ કરેલ છે, આ હકીકતનુ ખંડન કરવા માટે આરોપી નં. ૧ તથા ૨ નાઓ એ વિધિવિધાને કલમ–૯ નુ ઘડતર કરીને જે સાબિતીનો બોજો આરોપી નં. ૧, ૨ ની ઉપર મુકેલ છે તે હકીકત સાબિત કરીને તે હકીકતનું ખંડન કરવુ જોઈએ કે આરોપી નં. ૧,૨ બાંગ્લાદેશી નાગરીક નથી.

(૨૫) આ કામે સાહેદ નં. ૧ કે જે ફરિયાદી છે કે જેના પુરાવાથી આંક. ૧૧ ની એફ.આઈ.આર. રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે સાહેદ નં. ૧૩ પણ જોઈન્ટ ઈન્ટ્રોગેશનની હકીકતને સમર્થન આપે છે. જયારે આ કામે આંક. ૨૬ થી સાહેદ

નં. ૧૪ ને તપાસવામાં આવેલ છે કે જેઓ આ ગુનાના કામે મુખ્ય તપાસ કરનાર અમલદાર છે, તેઓનો પુરાવો ધ્યાને લેતાં એવી હકીકત જણાવે છે કે '' મારી તપાસ દરમિયાન તહોમતદાર નં. ૧, ૨ નાઓએ પોતે ભારતના નાગરીક હોવાનો કોઈ આધારભૂત પુરાવો જેવો કે ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ, આધાર કાર્ડ વિગેરે રજુ કરેલ ન હતા. મારી તપાસ દરમિયાન આરોપી નં. ૧, ૨ નાઓએ ભારતમાં વસવાટ કરવા બાબતે ભારતીય એમ્બેસી ધ્વારા કોઈ વિઝા આપેલ હોવાનો કોઈ પુરાવો રજુ કરેલ ન હતો. આમ સદરહું કેસની તપાસ દરમિયાન પણ આરોપી નં. ૧, ૨ ભારતીય નાગરીકતા ધરાવતા હોવાનો કોઈ પુરાવો ત.ક.અમલદાર સમક્ષ કે સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન રજુ કરેલ નથી. તહોમતદાર નં. ૧, ૨ તરફે ની ફરિયાદ પક્ષના સાહેદોની જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તે ઉલટ તપાસમાં પણ આરોપી નં. ૧, ૨ તરફે એવા કોઈ સૂચક પ્રશ્નો પુછવામાં આવેલ નથી કે આરોપી નં. ૧, ૨ ને ભારતમાં રહેવા માટે એમ્બેસી ધ્વારા વિઝા પ્રાપ્ત થયેલા હોય. આમ એ હકીકત નિર્વિવાદીત રીતે પુરવાર થાય છે કે આરોપી નં. ૧, ૨ પાસે ભારતમાં રહેવા માટે કોઈ વિઝા મળેલ ન હતા. આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો તથા તહોમતદાર નં. ૧, ૨ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ પણ ધ્યાને લેતાં આરોપી નં. ૧, ૨ નાઓએ પોતે વિદેશી નાગરીક નથી તે હકીકત સાબિત કરવા માટે કલમ-૯ મુજબ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ તહોમતદાર નં. ૧, ૨ ભારતીય નાગરીક હોવાનો કોઈ પુરાવો રજુ કરવામાં કલમ-૯ મુજબ નિષ્ફળ નિવડેલા છે. જેથી ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો જોઈન્ટ ઈન્ટ્રોગેશન તથા આરોપી નં. ૧, ૨ ને કલમ-૯ મુજબની સાબિતીનો બોજો રજુ કરવામાં મળેલ નિષ્ફળતા ધ્યાને લેતાં એ હકીકત પુરવાર થાય છે કે આરોપી નં ૧, ૨ કલમ-૨(૧) મુજબ વિદેશી નાગરીક છે અને તેઓએ કલમ-૩ ની જોગવાઈનો

ભંગ કરી ગેરકાયદેસર રીતે આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને વગર વિઝાએ ભારતમાં વસવાટ કરેલ હોવાનું ફરિયાદ પક્ષે પુરવાર કરેલ હોય, જેથી ધી ફોરેનર્સ એકટની કલમ- ૩(૧)(૨) ની જોગવાઈઓનો આરોપી નં. ૧, ૨ નાઓએ ભંગ કરી  આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરી ધી ફોરેનર્સ એકટની કલમ-૧૪ એ - સી ના શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનું ફરિયાદ પક્ષે પુરવાર કરેલ હોય, જેથી મુદ્દા નં. ૧ પરત્વે મારો જવાબ હકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:: <u>હુ ક મ</u> ::-

૧. આ કામના આરોપી નં. ૧ મુકતાબેન ડો/ઓ મુફાજલ આલેક (મુલ્લા) મુસ્લીમ,  તથા આરોપી નં. ૨ ઈશારત સ/ઓ અબ્દુલ લતીફ શેખ મુસ્લીમ નાઓને ધી ફોરેનર્સ એકટ ૧૯૪૬ ની કલમ ૩(૧)(૨) ની જોગવાઈઓનો ભંગ કરી કલમ-૧૪ એ-સી હેઠળના શિક્ષાપાત્ર ગુનામાં ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪ ૮(૨) મુજબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સબબ કામ આ કામના આરોપી નં. ૧, ૨ ને સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

૩ આરોપી નં. ૩ સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન ગેરહાજર રહેલ હોય જેથી અત્રેની કોર્ટે આંક. ૬ ની અરજી લગત કરેલ હુકમ મુજબ આરોપી નં. ૩ સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| મુકામ.ડીસા<br>તા. ૨૧/૦૪/૨૦૧૭ | **(મોહંમદ ઈલીયાસ નુરમોહંમદ શેખ)**<br>જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,ડીસા<br>કોડ ન.જી.જે.૦૧૩૨૭. |

**<u>સજા અંગે સાંભળ્યા.</u>**

૧. તહોમતદાર તરફે વિ.વકીલશ્રી આર.પી. મકવાણાનો પોકાર પાડતા હાજર નથી. આજ રોજ ડીસા બાર એસોસીએશન ધ્વારા બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના પત્ર ના અનુસંધાને પ્રપોઝ બીલના વિરોધમાં ઠરાવ કરેલ હોય, જેથી આરોપીના વકીલ પોકાર પાડતા હાજર રહેલ નથી. હાલનો કેસ યુ.ટી.પી. હોય જેથી સજા બાબતે આરોપી નં. ૧ અને ૨ ને સાંભળવામાં આવેલ. આરોપી નં. ૧ અને ૨ના ઓને સજા બાબતે કઈ કહેવા માંગો છો તે વિશે પુછતા આરોપી નં. ૧ એ જણાવેલ છે કે હું સ્ત્રી બાઈ છું. મારી ઉંમર ૨૨ વર્ષ છે. મારા લગ્ન થયેલા છે. મારે એક ચાર વર્ષનો બાળક છે. જે બાંગ્લાદેશમાં મારા સાસરીમાં છે. હું મજુરી કરવા માટે ભારતમાં આવેલી પરંતુ બિશુએ (આરોપી નં.૩) ખોટા કામમાં મને ધકેલી દીધેલી, મને પસ્તાવો થાય છે. જયારે આરોપી નં. ૨ના એ જણાવેલ કે, મારી ઉમર ૫૦ વર્ષથી વધુ છે. મારે બે બાળકો છે. બાંગ્લાદેશમાં મજુરી મળતી ન હોય જેથી હું ભારત દેશમાં આવેલો. મે ખરાબ કામ કોઈ દી કરેલ નથી. મારા બાળબચ્ચા છે તથા મારી પત્ની છે. અને વધુમાં જણાવેલ કે ભારતમાં આવી કોઈ ખરાબ પ્રવૃતી કરેલ નથી પરંતુ મજુરી અર્થે ભારતમાં આવેલા હોય જેથી તેઓને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

૨. સરકારા તરફે વિ. એ.પી.પી. શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે આ કામે આરોપી નં. ૧,૨ નાઓએ ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરેલ છે અને આરોપી નં. ૩ કે જે આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન નાસતા ફરે છે તેઓએ સક્રિય મદદગારી કરેલ છે. આરોપી નં. ૧ ભારતમાં દેહવિક્રય નો ધંધો કરતા પકડાયેલા છે. જેથી આવા ગુનામાં તહોમતદારોને સખત સજા કરવા વિનંતી કરેલ છે.

૩. ઉભય પક્ષની દલીલો સાંભળી. અત્રે જણાવવુ આવશ્યક છે કે સજાનો હુકમ કરતી વખતે ગુનાનુ સ્વરૂપ, ગુનાની ગંભીરતા, આરોપીની ઉંમર વિગેરે પરીબળો લક્ષમાં લેવાના રહે છે. અને આ કામે ધી ફોરેનર્સ એકટની કલમ ૧૪–એ સી માં સજાની જોગવાઈ ૫–વર્ષ સુધીની છે અને સજાનો હુકમ કરતી વખતે સુધારા અભિગમની થીયરી ધ્યાને લેવી તે પણ ન્યાયના હિતમાં જરૂરી છે. પરંતુ સાથોસાથ તહોમતદારોને યોગ્ય સજા કરવામાં આવે તો આવા ગુના થતા અટકે અને ભારતની સરહદેથી ગેરકાયદેસર રીતે થતી ઘૂષણખોરી અટકે તે પણ ધ્યાને લેવાનુ રહે છે. અને આરોપી નં. ૧, ૨ બાંગ્લાદેશી નાગરીક હોય તેઓની સજા પુરી થયા બાદ તેઓને ડીપોટ તથા રીપ્રેટ્રીએટ કરવાના રહે છે. આ કામે જોઈન્ટ ઈન્ટ્રોગેશન ધ્યાને લેતાં આરોપી નં. ૧ સ્ત્રી બાઈ માણસ છે અને જેને ૩ વર્ષનું નાનું બાળક પણ છે તે હકીકત ધ્યાને લેતાં તથા ગુનાનું સ્વરૂપ ધ્યાને લેતાં તથા આરોપીઓની રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

– આ કામના આરોપી નં. ૧. મુકતાબેન ડો/ઓ મુફાજલ આલેક (મુલ્લા) મુસ્લીમ રહે. હાલ નરોડા પાટીયા, અમદાવાદ, મુળ રહે. બોરોનાલ, પો.સ્ટે. કલીયા, જિ. નાડોલ, જિ. જેસોર (બાંગ્લાદેશ), તથા ૨. ઈશારત સ/ઓ અબ્દુલ લતીફ શેખ મુસ્લીમ, રહે. હાલ ચંડોળા તળાવ, અમદાવાદ, મુળ રહે. બોરોનાલ, પો.સ્ટે. કલીયા, જિ. નાડોલ, જિ. જેસોર (બાંગ્લાદેશ) નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૮(૨) અન્વયે ધી ફોરેનર્સ એકટ ૧૯૪૬ ની કલમ–૧,૨ ની જોગવાઈઓના ભંગ બદલ કલમ–૧૪ એ –સી હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને ૧૫–માસ (પંદર માસ) ની સાદી કેદની

સજા, તથા રૂાં. ૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે., જો દંડની રકમ ના ભરે તો બંન્ને આરોપીઓને વધુ ૧–માસ (એક માસ) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

– ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૪૭ ની સાથે વાંચતાં કલમ–૪૨૮ મુજબ આરોપી નં. ૧, ૨ ને સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી અને તપાસ દરમિયાન ન્યાયિક હવાલાતમાં રહેલ સજામાં મજરે આપવો.

– ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૨૫ મુજબ સજા અંગેનું વોરંટ જેલરશ્રી, સબ જેલ, પાલનપુરને મોકલી આપવું.

– જેલર શ્રી, સબ જેલ, પાલનપુર નાઓએ સજાનો અમલ થયા બાદ સજા વોરંટ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૦ મુજબ અત્રેની અદાલતને મોકલી આપવું.

– ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩ મુજબ તહોમતદારોને આ જજમેન્ટની નકલ વિના મૂલ્યે પુરી પાડવી.

– ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૪૦ તથા મુંબઈ પોલીસ મેન્યુઅલના પેરા–૫૯ નિયમ–૨૪૬ મુજબ હુકમનો ટૂંકસાર સબંધીત પોલીસ સ્ટેશનને મોકલી આપવો.

– આ કામે ચાર્જશીટ વંચાણે લેતાં કોલમ નં. ૧૦ માં મુદ્દામાલ કબજે કર્યા અંગે કોઈ હકીકત જણાવેલ ન હોય જેથી મુદ્દામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

– સદરહું ચુકાદાની એક નકલ ધી ફોરેનર્સ ઓર્ડર ૧૯૪૮ ની કલમ–૨(૨) હેઠળ

નિમાયેલ સીવીલ ઓથોરીટીને આ કામના આરોપીઓની સજા પૂરી થયે ડીપોર્ટેશનની કાર્યવાહી માટે મોકલી આપવી.

– સદરહું ચુકાદાની એક નકલ પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠાને યોગ્ય કાર્યવાહી સારૂ મોકલી આપવી.

– હુકમની એક નકલ આઈ.જી.પી. પ્રિઝન, ગુજરાત રાજય નાઓને યોગ્ય તે કાર્યવાહી કરવા સારૂ મોકલી આપવી.

– હુકમની એક નકલ આ કેસની તપાસ એસ.ઓ.જી. પાલનપુર નાઓએ કરેલ હોય જેથી પી.આઈ. શ્રી એસ.ઓ.જી. પાલનપુર નાઓને આગળની કાર્યવાહી સારૂ મોકલી આપવી.

હુકમ આજ તા. ૨૧ મી એપ્રીલ સને ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| મુકામ.ડીસા<br>તા. ૨૧/૦૪/૨૦૧૭ | **(મોહંમદ ઈલીયાસ નુરમોહંમદ શેખ)**<br>જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,ડીસા<br>કોડ ન.જી.જે.૦૧૩૨૭. |

//Raval//